# ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો સને ૨૦૧૫-૧૬ ના સામાન્ય ભવિષ્ય નિધિનો ઓડિટ અહેવાલ

---

જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ,
અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ.
તા.૨૮/૦૨/૨૦૨૪

# ચર્ચા પત્ર

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનું સને ૨૦૧૫-૧૬નું ઓડિટ તા.૨૦/૭/૨૦૧૯ થી તા.૧૯/૧૨/૨૦૧૯ દરમ્યાન હાથ ધરવામાં આવેલ, જેનાં અગત્યના પ્રાથમિક વાંધાઓની ચર્ચા યુનિવર્સિટીના પદાધિકારીશ્રી અને અધિકારીશ્રી સાથે આજ રોજ **તા.૨૮/૦૨/૨૦૨૪**ના રોજ કરવામાં આવી.

| | | |
|---|---|---|
| રજિસ્ટ્રાર | કુલપતિ | સંયુક્ત નિરીક્ષક |
| ગુજરાત યુનિવર્સિટી | ગુજરાત યુનિવર્સિટી | નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ |
| જિ-અમદાવાદ | જિ-અમદાવાદ | હિસાબની કચેરી, |
| | | ગાંધીનગર |

# ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૧૫-૧૬ ના સામાન્ય ભવિષ્ય નિધિ ઓડિટ અહેવાલની અનુક્રમણિકા


| અ.નં. | ફકરા નં. | વિગત | પાના નં. |
|---|---|---|---|
| ૧ | - | હોદ્દેદારોશ્રીની વિગત | ૧ |
| ૨ | - | સને ૨૦૧૫-૧૬ અગાઉના વર્ષોના ભવિષ્ય નિધિ ફંડના બાકી ઓડિટ ફકરાઓ બાબત | ૨ |
| ૩ | ૧ | તિજોરી સ્ટેટમેન્ટ અને જનરલ પ્રોવિડંડ ફંડની કેશબુક રજિસ્ટરમાં જણાયેલ તફાવત બાબત | ૫ |
| ૪ | ૨ | જી.પી.એફ./સી.પી.એફ.ના "ઈન ઓપરેટીવ" ખાતા ચાલુ રાખવા બાબત | ૬ |
| ૫ | ૩ | અંશત: ઉપાડની ચૂકવણીમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૧૦ |
| ૬ | ૪ | જી.પી.એફ.ખાતાના ચેક પર બે અધિકારી/કર્મચારીઓની સહીથી અધિકૃત ન કરવા બાબત | ૧૨ |
| ૭ | ૫ | ચેક રજિસ્ટર અંગેની અનિયમિતતા બાબત | ૧૩ |
| ૮ | - | પ્રમાણપત્ર | ૧૪ |
| ૯ | - | પત્રકો (૧ થી ૬) | ૧૫ થી ૨૦ |

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને- ૨૦૧૫-૧૬ ના વર્ષનો ભવિષ્ય નિધિ ફંડનો ઓડિટ અહેવાલ

=====================================================

નં.એલ/એએમડી/ગુ.યુ.ભ.નિ.ફં.ઓ.અ.૨૦૧૫-૧૬/૨૦૨૪/૪૧૮

જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ,
પ્રથમ માળ, બ્લોક-એ,
બહુમાળી ભવન-૨,વસ્ત્રાપુર,
અમદાવાદ-૩૮૦૦૧૫
તા.૨૧/૦૫/૨૦૨૪

GUJARAT UNIVERSITY
INWARD DEPARTMENT
28 MAY 2024

159260106973

**પ્રેષક :-**

નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,
બ્લોક નં.૧૭/૨, વિમા અને લેખા ભવન,
ડો.જે એમ મહેતા ભવન, ગાંધીનગર.

**પ્રતિ,**

કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૩૮૦૦૦૯

**મહાશય,**

ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૪૯ અન્વયેની જોગવાઇ અનુસાર ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૧૫-૧૬ ના ભવિષ્ય નિધિ ફંડના હિસાબોની તપાસણી તા.૨૦/૦૭/૨૦૧૯ થી તા.૨૯/૦૭/૨૦૧૯ દરમિયાન હાથ ધરવામાં આવેલ. જેની સંબંધિત પદાધિકારીશ્રી અને અધિકારીશ્રી સાથે ચર્ચા તા.૨૮/૦૨/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ.

તપાસણી વર્ષ દરમિયાન સંસ્થાના મુખ્ય હોદ્દેદારો નીચે મુજબ હતા.

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| | **કુલપતિશ્રી** | |
| ૧ | ડૉ. એમ.એન.પટેલ | તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ |
| | **કુલ સચિવશ્રી** | |
| ૧ | ડૉ.એચ.સી.પટેલ | તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૦૯/૦૩/૨૦૧૬ |
| ૨ | ડૉ.એન.કે.જૈન (કા.કુલ સચિવશ્રી) | તા.૧૦/૦૩/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ |
| | **કા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી** | |
| ૧ | શ્રી પી.એમ. પટેલ | તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ |

===============================================

સને ૨૦૧૫-૧૬ અગાઉના વર્ષોના ભવિષ્ય નિધિ ફંડ ઓડિટના બાકી ફકરાઓ બાબત

===============================================

| ક્રમ | ઓડિટ વર્ષ | ઓડિટની શરૂઆતમાં બાકી ફકરાઓની સંખ્યા | ઓડિટ દરમિયાન નિકાલ થયેલ બાકી ફકરાઓની સંખ્યા | ઓડિટ દરમિયાન બાકી ફકરાઓની સંખ્યા | બાકી ફકરાઓની વિગત |
|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 |
| 01 | 1979-80 | 2 | 0 | 2 | 5,7 |
| 02 | 1980-81 | 1 | 0 | 1 | 1 |
| 03 | 1981-82 | 3 | 0 | 3 | 2, 4, 6 |
| 04 | 1982-83 | 10 | 0 | 10 | 1 TO 10 |
| 05 | 1983-84 | 7 | 0 | 7 | 1 TO 5, 9, 10 |
| 06 | 1984-85 | 11 | 0 | 11 | 1 TO 6, 9, 11 TO 14 |
| 07 | 1985-86 | 11 | 0 | 11 | 1 TO 3, 5 TO 7, 9, 11 TO 14 |
| 08 | 1986-87 | 2 | 0 | 2 | 4, 6 |
| 09 | 1987-88 | 1 | 0 | 1 | 6 |
| 10 | 1988-89 | 12 | 0 | 12 | 1 TO 12 |
| 11 | 1989-90 | 10 | 0 | 10 | 1 TO 10 |
| 12 | 1990-91 | 17 | 0 | 17 | 1 TO 17 |
| 13 | 1991-92 | 14 | 0 | 14 | 1 TO 14 |
| 14 | 1992-93 | 8 | 0 | 8 | 3 TO 10 |
| 15 | 1993-94 | 9 | 0 | 9 | 1 TO 9 |
| 16 | 1994-95 | 12 | 0 | 12 | 1 TO 12 |
| 17 | 1995-96 | 13 | 0 | 13 | 1 TO 13 |
| 18 | 1996-97 | 9 | 0 | 9 | 1 TO 9 |
| 19 | 1997-98 | 14 | 0 | 14 | 1 TO 14 |
| 20 | 1998-99 | 12 | 0 | 12 | 1 TO 12 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 21 | 1999-00 | 14 | 0 | 14 | 1 TO 14 |
| 22 | 2000-01 | 16 | 0 | 16 | 1 TO 16 |
| 23 | 2001-02 | 14 | 0 | 14 | 1 TO 14 |
| 24 | 2002-03 | 11 | 0 | 11 | 1 TO 11 |
| 25 | 2003-04 | 10 | 0 | 10 | 1 TO 10 |
| 26 | 2004-05 | 11 | 0 | 11 | 1 TO 11 |
| 27 | 2005-06 | 13 | 0 | 13 | 1 TO 13 |
| 28 | 2006-07 | 11 | 0 | 11 | 3 TO 13 |
| 29 | 2007-08 | 3 | 0 | 3 | 3 TO 5 |
| 30 | 2006-12 (31-7-12) | - | - | - | યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઈન્કવાયરી કેસ |
| 31 | 2008-09 | 4 | 0 | 4 | 3 TO 6 |
| 32 | 2009-10 | 4 | 0 | 4 | 3 TO 6 |
| 33 | 2010-11 | 6 | 0 | 6 | 3 TO 8 |
| 34 | 2011-12 | 6 | 0 | 6 | 3 TO 8 |
| 35 | 2012-13 | 4 | 0 | 4 | 3 TO 6 |
| 36 | 2013-14 | 5 | 0 | 5 | 3 TO 7 |
| 37 | 2014-15 | 7 | 0 | 7 | 3 TO 9 |
| | કુલ | **317** | **0** | **317** | - |

ઓડિટ વર્ષ ૨૦૧૫-૧૬ના અંતે ૩૧૭ ફકરા બાકીમાં હતાં. ચાલુ ઓડિટ દરમ્યાન અગાઉના બાકી ફકરાઓના જવાબો રજુ થયેલ ન હોવાથી ઉપરોક્ત વિગતે ઓડિટ વર્ષના અંતે ૩૧૭ ફકરાઓના જવાબો કરવાના બાકીમાં છે. પ્રત્યેક ઓડિટ અહેવાલમાં પેરા નિકાલ નહીં કરવા બાબતની અનિયમિતતાનું પુનરાવર્તન થતુ રહે છે. ઓડિટે નિર્દેશ કરેલ અનિયમિતતાઓ અટકાવવા સંસ્થાના જવાબદારોએ રૂચી દાખવેલ નથી. જેથી જવાબદારી નક્કી કરી, બાકી ફકરાઓની પુર્તતા સારૂ સઘન આયોજન સહ પારા નિકાલની કાર્યવાહી માટે ઘનિષ્ઠ પ્રયાસ કરવો ઘટે.

વધુમાં, ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ ૧૯૬૩ ની કલમ નંબર – ૯(૧) મુજબ રીપોર્ટ મળ્યા તારીખથી ચાર મહિનાની અંદર પ્રથમ વખતના જવાબ રજુ કરવાના રહે છે. આમ છતાં વર્ષ – ૧૯૭૯-૮૦ થી ૨૦૧૪-૧૫ સુધીના પ્રથમવારના જવાબો પણ ના કરવા સબબ સ્પષ્ટતા કરી, બાકી ફકરાઓના જવાબો કરવા સમયબધ્ધ આયોજન કરી, તમામ ફકરાઓના જવાબો કરવા ઓડિટ અનુરોધ છે.

**સને ૧૯૬૩ ની ગુજરાત લોકલ ફંડ ઓડિટ એકટની કલમ-૮ હેઠળની અનિયમિતતાઓ :-**

| ક્રમ | કલમ | ફકરા નંબર |
|---|---|---|
| (૧) | કલમ - ૮(ક) | - |
| (૨) | કલમ - ૮(ખ) | - |
| (૩) | કલમ - ૮(ગ) | - |
| (૪) | કલમ - ૮(ઘ) | ૧ થી ૫ |

નોંધ : ૮ (ક) કાયદા (નિયમ) વિરુધ્ધની ચુકવણીઓ

૮(ખ) અત્યંત બેકાળજી અથવા ગેરવર્તણુંકનાં કારણે થયેલ નુકશાન / ઘટ.

૮(ગ) કપટ, ઉચાપત વગેરેને કારણે નુકશાન.

૮(ઘ) બીજી મહત્વની અનિયમિતતાઓ અથવા પરચુરણ બાબતોનો સમાવેશ થાય છે.

ફકરા નં ૧

## તિજોરી સ્ટેટમેન્ટ અને જનરલ પ્રોવિડંડ ફંડની કેશબુક રજિસ્ટરમાં જણાયેલ તફાવત બાબત

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના વર્ષ ૨૦૧૫-૧૬ હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાએ રજૂ કરેલ જનરલ પ્રોવિડંડ ફંડ લેજર રજિસ્ટરો તથા તિજોરી સ્ટેટમેન્ટની તુલનાત્મક ધોરણે ચકાસણી કરતાં, નીચે મુજબ તફાવત જણાયેલ છે.

| ક્રમ | વિગત | કેશબુક રજિસ્ટર મુજબ | તિજોરી સ્ટેટમેન્ટ મુજબ | તફાવત |
|---|---|---|---|---|
| ૧ | તા.૦૧/૦૪/૨૦૧૫ ના રોજ ઉઘડતી સિલક | ૨૫,૯૪,૩૫,૪૧૬ | ૨૭,૪૪,૪૫,૮૫૭.૦૫ | ૧,૫૦,૧૦,૪૪૧.૦૫ |
| ૨ | સને ૨૦૧૫-૧૬ દરમિયાન થયેલ આવક | ૨,૯૦,૭૫,૯૧૪ | ૨,૯૦,૭૫,૯૧૪ | ૦ |
| **૩** | **કુલ** | **૨૮,૮૫,૧૧,૩૩૦** | **૩૦,૩૫,૨૧,૭૭૧.૦૫** | **૧,૫૦,૧૦,૪૪૧.૦૫** |
| ૪ | સને ૨૦૧૫-૧૬ દરમિયાન થયેલ ખર્ચ | ૨,૩૧,૯૬,૯૩૫ | ૨,૩૧,૯૬,૯૩૫ | ૦ |
| **૫** | **તા.૩૧/૦૩/૨૦૧૬ ના રોજ બંધ સિલક** | **૨૬,૫૩,૧૪,૩૯૫** | **૨૮,૦૩,૨૪,૮૩૬.૦૫** | **૧,૫૦,૧૦,૪૪૧.૦૫** |

ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક : તજર/૧૦૨૦૮/ઓ-૧૦૦૬/ઝ, તા.૦૩/૦૬/૨૦૦૯ થી પીડી/પીએલએ ના મેળવણાં કરવા બાબતે પરિપત્ર કરેલ છે. જેના પત્રકમાં દર્શાવ્યા મુજબ સંસ્થાએ પેટા/જિલ્લા તિજોરી કચેરી ખાતે દર ત્રણ મહિને માર્ચ માસ સુધીનું એપ્રિલમાં, જુન માસ સુધીનું જુલાઇ માસમાં, સપ્ટેમ્બર માસ સુધીનું ઓક્ટોબર માસમાં અને ડિસેમ્બર માસ સુધીનું જાન્યુઆરીમાં તથા પુરા થયેલ નાણાંકીય વર્ષમાં હિસાબોનું મેળવણું પછીના વર્ષના જુન મહિનાની ૩૦ મી તારીખ સુધીમાં કરવાનું રહે છે. તેમના અંગત થાપણોના હિસાબોમાં દર્શાવેલ સિલક તિજોરી સાથે મળી રહે છે. તે મતલબનું પ્રમાણપત્ર તેમની પાસબુકમાં આપવાનું રહેશે અને આ મતલબનું પ્રમાણપત્ર તિજોરી કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવેલ છે.

ઉક્ત બાબતે સંસ્થા દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવેલ હોવાના આધારો ઓડિટ સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી કે પ્રાથમિક વાંધા નં.૬ નો પ્રત્યુત્તર પણ પાઠવેલ નથી.

**-સંસ્થાએ પ્રાથમિક વાંધા નં.૬ ના જવાબમાં જણાવેલ છે કે પ્રોવિડંડ ફંડ રકમ ઉપર ફાળવવાપાત્ર વ્યાજ નાણાકીય વર્ષના અંતે જમા આપવામાં આવે છે. જયારે ડી.પી.પી.એફ. કચેરી દ્વારા વ્યાજ પછીના વર્ષે ટ્રેઝરી ખાતામાં સીધા જમા કરાવી સંસ્થાને પત્ર દ્વારા જાણ કરે છે. જે પ્રાથમિક વાંધાને અનુરૂપ ન હોઇ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.**

ફકરા નં. ૨

==========================================================

**જી.પી.એફ./સી.પી.એફ.ના "ઈન ઓપરેટીવ" ખાતા ચાલુ રાખવા બાબત**

==========================================================

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૧૫-૧૬ ના ઓડિટ દરમ્યાન સંસ્થાએ ભવિષ્ય નિધિના બચત ખાતાના નિભાવેલ હિસાબી રજીસ્ટરો, લેજર ફાઈલ તથા બ્રોડશીટની ચકાસણી કરતાં, સામેલ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ ની વિગતેના કર્મચારીઓના સામાન્ય ભવિષ્ય નિધિનાં ખાતાઓમાં ઓડિટ વર્ષ દરમ્યાન કોઈ લેવડ દેવડ થયેલ ન હતી અને તમામ ખાતાઓમાં વર્ષની શરૂઆતની અને આખરની સિલક એક સરખી રહેવા પામેલ હતી. ઉક્ત ખાતાઓમાં વર્ષ દરમ્યાન ફાળો, વ્યાજ, ઉપાડ અંગેની કોઈ નોંધો થયેલ ન હતી. જેથી આ ખાતાઓ ઈન ઓપરેટીવ હોવાનું ફલીત થાય છે. સામેલ પરિશિષ્ટ-૦૧ તથા પરિશિષ્ટ-૦૨ મુજબના કુલ ૩૩ કર્મચારીઓના ખાતા સને ૧૯૮૩થી એટલે કે અંદાજે ૩૩ વર્ષથી ઈન ઓપરેટીવ દર્શાવવામાં આવેલ છે. જેમાં રકમ રૂપિયા.૨૨,૪૮,૬૯૮/- બચત રહેવા પામેલ છે.

ઉક્ત બાબતે સંસ્થાને પ્રાથમિક વાંધા નં.૭ થી ખાતા ઈન ઓપરેટીવ રહેવા બાબતે વિગતો રજૂ કરવા જણાવેલ હતું. પરંતુ સંસ્થા દ્વારા કોઈ આધારસહ વિગતો રજૂ કરેલ નથી કે પ્રાથમિક વાંધાનો પ્રત્યુત્તર પાઠવેલ નથી.

**-સંસ્થાએ પ્રાથમિક વાંધા નં.૭ ના જવાબમાં જણાવેલ છે કે, યુનિવર્સિટી બંધ ખાતાઓની રકમ ઉપર ત્રણ વર્ષ સુધી જ વ્યાજ આપતી હોવાથી ત્રણ વર્ષ પછી ખાતાઓની ઉઘડતી અને બંધ સિલક એક જ હોય છે. જે પ્રાથમિક વાંધાને અનુરૂપ ન હોઈ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.**

**વાંધા હેઠળ રકમ રૂપિયા. ૨૨,૪૮,૬૯૮/-**

==================================================

## ભવિષ્ય નિધિનાં લેવડ દેવડ વિનાના ઈન ઓપરેટીવ ખાતાઓની વિગત દર્શાવતું પરિશિષ્ટ નંબર -૦૧ (સામાન્ય ભવિષ્ય નિધિ)

==================================================

| ક્રમ | ખાતા નંબર | કર્મચારીનુ નામ | તા.૦૧-૦૪-૨૦૧૫ ના રોજ બ્રોડશીટ મુજબની ઉઘડતી સિલક | તા.૩૧-૦૩-૨૦૧૬ ના રોજ બ્રોડશીટ મુજબની બંધ સિલક | ક્યા વર્ષથી ઈન ઓપરેટીવ છે |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 1 | 678 | શ્રી ડી સી વાઘેલા | 247 | 247 | 1983 |
| 2 | 751 | શ્રી જે જે મહેતા | 2,549 | 2,549 | 1985 |
| 3 | 772 | શ્રી કે એમ ફીડાલીસ | 1,68,663 | 1,68,663 | 2008 |
| 4 | 779 | શ્રી પી એલ ગજ્જર | 4,689 | 4,689 | 1986 |
| 5 | 816 | શ્રી એન કે વાકાણી | 1,391 | 1,391 | 1983 |
| 6 | 856 | શ્રી જે પી સેન ચૌધરી | 9,933 | 9,933 | 1988 |
| 7 | 885 | શ્રી એમ એમ મહીડા | 58,110 | 58,110 | 2002 |
| 8 | 889 | શ્રી પી આર શાહ | 2,748 | 2,748 | 1986 |
| 9 | 1015 | શ્રી જી આર ઠાકોર | 1,373 | 1,373 | 1986 |
| 10 | 1023 | શ્રી આઇ એન શેખ | 5,749 | 5,749 | 1988 |
| 11 | 1058 | શ્રી એ ડી ધીયા | 56,248 | 56,248 | 2005 |
| 12 | 1079 | શ્રી કે આર દેસાઇ | 7,25,707 | 7,25,707 | 2005 |
| 13 | 1081 | શ્રી જી બી ડામોર | 11,590 | 11,590 | 1996 |
| 14 | 1089 | શ્રી એમ ગીતારંગા | 1,229 | 1,229 | 1988 |
| 15 | 1115 | શ્રી ડી એસ કે મુર્થિ | 3,378 | 3,378 | 1989 |
| 16 | 1116 | શ્રી બી આર શુક્લ | 42,489 | 42,489 | 2000 |
| 17 | 1133 | શ્રી આર એસ પંચાલ | 84,643 | 84,643 | 2009 |
| 18 | 1177 | શ્રી એમ આર નાયક | 32,915 | 32,915 | 2004 |
| 19 | 1186 | શ્રી વાય એન ગઢવી | 44,155 | 44,155 | 2003 |
| 20 | 1199 | શ્રી અમરેન્દ્ર નારાયણ | 8,805 | 8,805 | 1992 |
| 21 | 1231 | શ્રી રશ્મિ છાબરા | 1,580 | 1,580 | 1991 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 22 | 1291 | શ્રી એમ આઇ શાહ | 1.16.773 | 1.16.773 | 2003 |
| 23 | 1305 | શ્રી રીસાદ પરવેઝ | 1,11,833 | 1,11,833 | 2002 |
| 24 | 1353 | શ્રી ડી એ પદમાવતી | 1,236 | 1,236 | 1997 |
| 25 | 1438 | શ્રી બી ડી ચોકસી | 18,195 | 18,195 | 2004 |
| 26 | 1472 | શ્રી એન જી વ્યાસ | 2,16,825 | 2,16,825 | 2014 |
| 27 | 1473 | શ્રી એસ જે શર્મા | 953 | 953 | 2012 |
| | | **કુલ સરવાળો** | **17,34,006** | **17,34,006** | |

==========================================================

## ભવિષ્ય નિધિનાં લેવડ દેવડ વિનાના ઈન ઓપરેટીવ ખાતાઓની વિગત દર્શાવતું (સી.પી.એફ.) પરિશિષ્ટ નંબર – ૦૨

==========================================================

| અ. નં | ખાતા નંબર | કર્મચારીનુ નામ | બ્રોડશીટમાં સને-૨૦૧૫-૧૬ ની ઉઘડતી સિલક તા.૦૧-૦૪-૨૦૧૫ | સને- ૨૦૧૫-૧૬ ની બંધ સિલક તા. ૩૧-૦૩-૨૦૧૬ | ક્યારથી ઈન ઓપરેટીવ છે તે વર્ષ |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 1 | 360 | શ્રી એચ જે તિવારી | 53,365<br>41,704 | 53,365<br>41,704 | 1994 |
| 2 | 1051 | શ્રી રવિ પી સિંહા | 5,974<br>5,259 | 5,974<br>5,259 | 1988 |
| 3 | 1063 | શ્રી વાય એમ શાહ | 51,413<br>40,791 | 51,413<br>40,791 | 1994 |
| 4 | 1064 | શ્રી એ એ વ્યાસ | 77,735<br>61,588 | 77,735<br>61,588 | 1994 |
| 5 | 1258 | શ્રી એસ એમ કાર્ડીકર | 22,818<br>15,444 | 22,818<br>15,444 | 1994 |
| | | કુલ સરવાળો | **3,76,091** | **3,76,091** | |

| તારીજ | |
|---|---|
| પરિશિષ્ટ- 01 | 17,34,006 |
| પરિશિષ્ટ-02 | 3,76,091 |
| કુલ રૂપિયા | 21,10,097 |

ફકરા નં. ૩

==========================================================

**અંશત : ઉપાડની ચૂકવણીમાં જણાયેલ અનિયમિતતા બાબત**

==========================================================

સામાન્ય ભવિષ્ય નિધિ નિયમોના નિયમ-૧૫ મુજબ સરકારી કર્મચારીએ ૧૫ વર્ષની પૂરી નોકરી કરી હોય તેને સામાન્ય ભવિષ્ય નિધિમાંથી ઉપાડ કરવાની મંજૂરી આપવામાં આવે છે. આવા ઉપાડના નાણાં સરકારી કર્મચારીએ પરત ચુકવવાના ન હોય તેને "નોન-રિપેયેબલ એડવાન્સ" એટલે "અંશત: આખરી ઉપાડ" કહેવામાં આવે છે.

અંશતઃ ઉપાડ માટે અલગ અલગ હેતુ માટે અલગ અલગ રકમ નક્કી કરવામાં આવેલ છે. સામાન્ય રીતે કર્મચારીના ખાતામાં જેટલી રકમ હોય તેની ૧/૨ જેટલી અથવા ૬ માસના પગાર જેટલી બે માંથી જે ઓછી હોય તેટલી રકમ મળવાપાત્ર છે. તેમ છતાં મંજુર કરનાર અધિકારી (૧) કર્મચારીનો હોદ્દો (૨) ઉપાડના કારણો (૩) તેના ખાતામાં જમા રકમ આ બાબતનો ખ્યાલ રાખી કર્મચારીના ખાતામાં જે રકમ હોય તેના ૭૫% જેટલી રકમની અંશતઃ આખરી ઉપાડ તરીકે મંજુર કરી શકે છે.

ઉપાડ કરનાર કર્મચારીએ યોગ્ય સમયમાં જે હેતુ માટે ઉપાડ કરેલ છે તે હેતુ માટે નાણા વાપરેલ છે તેની જાણ મંજુર કરનાર અધિકારીને કરવાની રહે છે.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૫-૧૬ ના ઓડિટ દરમ્યાન વાઉચરોની ચકાસણી કરતાં ઉક્ત બાબતે કરવામાં આવેલ ઉપાડના આધારો ફાઈલે સામેલ નથી કે ઓડિટમાં રજૂ કરવામાં આવેલ નથી. જેના નમૂનારૂપ કિસ્સા નીચે મુજબ છે.

**-સંસ્થાએ પ્રાથમિક વાંધા નં – ૮ ના જવાબમાં જણાવેલ છે કે, કર્મચારી ચોક્કસ હેતુ માટે આગોતરા આયોજનથી અંશત: ઉપાડ કરતો હોવાથી અરજી સાથે સંલગ્ન દસ્તાવેજી પુરાવા રજૂ કરવા શક્ય બનતુ ન હોવાથી તેમજ કર્મચારીને તેના જ જી.પી.એફ.ની જમા રકમમાંથી ચુકવણુ કરવામાં આવતુ હોય છે. જે પ્રાથમિક વાંધા અનુરૂપ ન હોઈ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.**

## પરિશિષ્ટ-૩

## અંશત : ઉપાડની ચૂકવણીમાં જણાયેલ અનિયમિતતા બાબત વર્ષ ૨૦૧૫-૧૬

| ક્રમ | તારીખ | કર્મચારીશ્રીનું નામ | ખાતા નં. | રકમ | વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૦૧/૦૭/૨૦૧૫ | શ્રી એ કે પરમાર | ૧૩૭૮ | ૧,૨૫,૦૦૦ | ભાણીના મામેરા માટે |
| ૨ | ૦૩/૦૮/૨૦૧૫ | શ્રી ડી એચ લીંબાચીયા | ૧૪૯૦ | ૧,૦૦,૦૦૦ | ઘર માટે હપ્તો ભરવાનો હોવાથી |
| ૩ | ૦૧/૧૦/૨૦૧૫ | શ્રી જી જી ગઢવી | ૧૩૬૭ | ૪,૦૦,૦૦૦ | પુત્રના વિદેશ અભ્યાસ માટે |
| ૪ | ૦૧/૧૦/૨૦૧૫ | શ્રી કે કે શાહ | ૧૩૩૧ | ૧,૪૦,૦૦૦ | મકાન મરામત માટે |
| ૫ | ૦૧/૧૦/૨૦૧૫ | શ્રી એમ એલ સોમૈયા | ૧૦૭૫ | ૧,૨૦,૦૦૦ | મકાનનો ઉપરનો માળ બનાવવા માટે |
| ૬ | ૦૧/૧૦/૨૦૧૫ | શ્રી બી એન શ્રીમાળી | ૧૦૭૦ | ૧,૨૫,૦૦૦ | પુત્રવધુનો સીમંત ભરવાનો હોવાથી |
| | | | કુલ | ૧૦,૧૦,૦૦૦ | |

ફકરા નં. ૪

==================================================

**જી.પી.એફ. ખાતાના ચેક પર બે અધિકારી/કર્મચારીઓની સહીથી અધિકૃત ન કરવા બાબત**

==================================================

ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : તજવ/૧૦૨૦૧૬/૯૨(૪૩૪૫૮૦)/ઝ, તા.૨૯/૦૯/૨૦૧૬ મુજબ પીડી/ પીએલએના ભંડોળમાંથી ચેકથી થતા ચૂકવણાં સરકારી નાણાંની સુરક્ષા/ સલામતી જળવાય તે હેતુથી ચેક પર બે અધિકારીશ્રી સહી કરવાની પ્રથા અમલમાં મુકવા જણાવેલ છે.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના વર્ષ ૨૦૧૫-૧૬ ના ઓડિટ દરમ્યાન જી.પી.એફ ખાતા ઉપાડના રેકર્ડની ચકાસણી કરતા, સંસ્થા ખાતે ચેક પર માત્ર એક જ સક્ષમ અધિકારીશ્રી અધિકૃત કરવાની પ્રથા અમલમાં હોવાનું જણાયેલ છે. આમ સરકારશ્રીની સ્પષ્ટ સૂચના હોવા છતા સંસ્થા દ્વારા તેની અમલવારી કરવામાં આવેલ નથી.

**-સંસ્થાએ પ્રાથમિક વાંધા નં – ૯ ના જવાબમાં જણાવેલ છે કે, નાણા વિભાગની સૂચનાને ધ્યાને લીધેલ છે. જે પ્રાથમિક વાંધાને અનુરૂપ ન હોઇ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.**

ફકરા નં. ૫

==================================================

**ચેક રજીસ્ટર અંગેની અનિયમિતતા બાબત**

==================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૫-૧૬ ના ઓડિટ દરમ્યાન ચેક રજીસ્ટરની ચકાસણી કરતા નીચેની વિગતેની અનિયમિતતાઓ ઓડિટના ધ્યાને આવેલ છે.

(૧) સંસ્થા દ્વારા નિભાવવામાં આવેલ ચેક રજીસ્ટરને પાના નંબર આપવામાં આવેલ નથી તથા રજીસ્ટરના છેલ્લા પાના નંબરે સક્ષમ અધિકારીશ્રી દ્વારા જરૂરી પ્રમાણપત્ર આપી સહી સિક્કા રજીસ્ટરે / એંકુન રજીસ્ટરે ચઢાવેલ નથી.

(૨) ચેક રજીસ્ટરમાં માસને અંતે ચૂકવામાં આવતા આખરી ઉપાડ, અંશત: ઉપાડ માસિક / વાર્ષિક તારીજ કાઢેલ નથી તેમજ સંસ્થા દ્વારા નિયત નમુનામાં ચેક રજીસ્ટરમાં વર્ષના અંતે પ્રમાણપત્ર આપેલ નથી. તેથી વર્ષના અંતે કુલ કેટલું ચૂકવણું સંસ્થા દ્વારા થયેલ તે જાણી શકાયેલ નથી.

(૩) ચેક રજીસ્ટર નિયત નમુનામાં જેવા કે ક્રમ નંબર, કર્મચારીનું નામ, જી.પી.એફ નંબર, અંશત: ઉપાડ, આખરી ઉપાડ, વાઉચર નંબર જેવા કોલમ દર્શાવી નિભાવેલ નથી.

(૪) સંસ્થા દ્વારા ચેક સ્ટોક રજીસ્ટર નિભાવવામાં આવેલ ન હોઈ સંસ્થાને કેટલી ચેકબુક મળેલ હતી તેમજ સંસ્થા દ્વારા કેટલી ચેકબુકનો વપરાશ થયેલ હતો જેવી બાબતો તથા વપરાશમાં લીધેલ ચેકબુક, રદ કરાયેલ ચેક, વણવપરાયેલ ચેક વગેરે જેવી બાબતો જાણી શકાયેલ નથી. આમ, સંસ્થાએ ચેક સ્ટોક રજીસ્ટર નિભાવેલ નથી.

**-સંસ્થાએ પ્રાથમિક વાંધા નં – ૧૧ ના જવાબમાં જણાવેલ છે કે, ઓડિટના સૂચનને ધ્યાને લીધેલ છે. જે પ્રાથમિક વાંધાને અનુરૂપ ન હોઈ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.**

==========================================================

## પ્રમાણપત્ર

==========================================================

(૧) વાર્ષિક હિસાબની કસોટી રૂપ ચકાસણી કરતા, યુનિવર્સિટીએ નિભાવેલ સામાન્ય ખાતાવહી, અનામતો અને ઉપલક રકમોની નોંધ પ્રમાણપત્ર તેમજ બીજી રાખેલ નોંધ, પત્રકો કે જે ઓડિટ દરમ્યાન રજુ કરવામાં આવેલ હતા. તેની સાથે તપાસ કરતાં આ ઓડિટ અહેવાલમાં લેવામાં આવેલ વાંધા ફકરાઓને અધીન રહીને સાચા હોવાનું જણાયેલ છે.

(૨) આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઓડિટ વર્ષ દરમ્યાન ભવિષ્ય નિધિનાં હિસાબોમાં જણાવેલ જમા રકમની સંપૂર્ણ ચકાસણી તિજોરીનાં મૂળ દફતર સાથે કરવામાં આવી છે.

(૩) આ ઓડિટ અહેવાલ મળ્યા તારીખ થી ચાર માસમાં તેની પુર્તતા કરી જવાબો તૈયાર કરી મોકલી આપવા વિનંતી છે.

(૪) હિસાબોને લગતાં પત્રક નંબર ૧ થી ૬ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે.

ઓડિટર

For સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,

Techi-2 જિલ્લો-અમદાવાદ

| | | | |
|---|---|---|---|
| સહાયક નિરીક્ષક<br>સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,<br>જિ-અમદાવાદ. | નાયબ નિરીક્ષક<br>વિભાગીય નાયબ<br>નિરીક્ષકની કચેરી,<br>અમદાવાદ ઝોન. | સંયુક્ત નિરીક્ષક<br>સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,<br>ગાંધીનગર. | નિરીક્ષક<br>સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,<br>ગાંધીનગર |

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય, નવા સચિવાલય, ગાંધીનગર.

(૨) સચિવશ્રી, નાણા વિભાગ, ગુજરાત રાજય, નવા સચિવાલય, ગાંધીનગર.

(૩) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય, જુના સચિવાલય, ગાંધીનગર

(૪) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર

પત્રક-૧

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ભવિષ્યનિધિના હિસાબોનું તા.૩૧/૦૩/૨૦૧૬ ના રોજનું સરવૈયુ

| ક્રમ | જવાબદારીઓ | રકમ | ક્રમ | અસ્કયામતો | રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | બ્રોડશીટ બચતદારોના ખાતે જમા રહેતી રકમ | ૨૯,૨૭,૫૯,૩૨૩ | ૧ | કર્મચારી લોન ખાતુ | ૧૭,૭૦૦ |
| ૨ | એન.ડી.સી.પી.એફ. પેન્શન યોજના | ૧,૩૦,૫૮,૨૫૦ | ૨ | એન.ડી.સી.પી.એફ. કર્મચારી | ૧,૩૦,૫૮,૨૫૦ |
| ૩ | રાજ્ય સરકારોનું પ્રોવિડંડ ફંડ | ૧,૩૦,૧૧,૦૯૭.૪૫ | ૩ | તા.૩૧/૦૩/૨૦૧૬ ના રોજની બંધ સિલક | ૩૦,૪૫,૨૨,૩૬૪.૦૫ |
| ૪ | આવક ખર્ચ ખાતે | ૬,૭૬૯.૧૫ | ૪ | ગુજરાત યુનિવર્સિટી જનરલ ફંડ | ૧૩,૨૩,૩૫૧.૮૪ |
| ૫ | હાયર સ્કેલ તફાવત | ૨૩,૬૪૧.૩૪ | | | |
| ૬ | પી એફ સસ્પેન્સ ખાતે | ૬૨,૫૮૪.૯૫ | | | |
| | **કુલ સરવાળો** | **૩૧,૮૯,૨૧,૬૬૫.૮૯** | | **કુલ સરવાળો** | **૩૧,૮૯,૨૧,૬૬૫.૮૯** |

ઓડિટર
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
For Tech-2 અમદાવાદ

સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
અમદાવાદ

## પત્રક-૨

### ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ભવિષ્યનિધિના હિસાબોનો સને ૨૦૧૫-૧૬ના વ્યાજની ગણતરી સરકારી સંસ્થામાંથી મળેલ/મેળવવાનું/સરભર કરવાના વ્યાજની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | વર્ષ | બ્રોડશીટ કે લેઝર આધારે વ્યકિતગત ખાતામાં એકંદરે જમા આપેલ કુલ વ્યાજ રૂ. | સરકારમાંથી મેળવવાનું (વ્યાજ જમા ઉધાર કરેલ રકમો સિલકના આધારે) રૂ. | સંસ્થાએ ભરપાઈ કરવાનું વ્યાજ રૂ.(સરકારે જમા ન કરાવેલ રકમોનું વ્યાજ) | સરકારશ્રી તરફથી ખરેખર મળેલ વ્યાજ રૂ. | સંસ્થાએ જમા કરાવેલ વ્યાજની રકમ રૂ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૨૦૧૫-૧૬ | - | - | - | - | - |

ઓડિટર
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
અમદાવાદ

Tech-2

સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
અમદાવાદ

પત્રક-૩

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના પગારમાંથી કપાત કરેલ રકમો અને તેમાંથી સરકારશ્રીમાં જમા કરાવેલ રકમોની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | પગારનો માસ તથા અન્ય ચૂકવણાની વિગત | પગાર તથા અન્ય રકમો ચૂકવ્યાની તારીખ | કપાત કરેલ પ્રોવિડંડ ફંડની રકમ લોન એરીયર્સની રકમ | કપાત થયેલ કુલ રકમો પૈકી સરકારશ્રીમાં જમા કરાવેલ રકમ | સરકારશ્રીમાં જમા કરેલાની તારીખ | સરકારશ્રીમાં જમા કરાવવાની બાકી રકમ | રકમ | જમા કરાવવાની બાકી રહેતી રકમોની વિગત | ઓડિટ તારીખે જમા કરાવવાની બાકી રકમ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| - | - | - | - | - | - | - | - | - | - | - |

ઓડિટર
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
For Tech 1-2 અમદાવાદ

સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
અમદાવાદ

પત્રક-૪

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ભવિષ્યનિધિના હિસાબોનો સને ૨૦૧૫-૧૬ દરમિયાન પાકતી તારીખોએ વટાવવામાં આવેલ રોકાણોની રકમ સરકારી તિજોરીમાં જમા કરાવ્યાની માહિતી દર્શાવતુ પત્રક

| ક્રમ | રોકાણોનો પ્રકાર | રોકાણોની રકમ | પાકતી તારીખ | વટાવ્યા તારીખ | રોકાણોની પાકતી તારીખે ખરેખર મળેલ રકમ | રોકાણની વટાવેલ રકમ સરકારી તિજોરીમાં જમા કરાવ્યાની ચલણ અંગેની વિગત | | | જમા કરાવવામાં થયેલ વિલંબનો સમય | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭A | ૭B | ૭C | ૮A | ૮B | ૯ |
| - | - | - | - | - | - | - | - | - | - | | - |

ઑડિટર
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
Fasd Tech-2 અમદાવાદ

સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
અમદાવાદ

પત્રક-૫

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ભવિષ્યનિધિના હિસાબોનો સને ૨૦૧૫-૧૬ ની તા.૩૧/૦૩/૨૦૧૬ ના રોજ વણવપરાયેલ રોકાણોની માહિતી દર્શાવતુ પત્રક

| ક્રમ | રોકાણોનો પ્રકાર | રોકાણોની રકમ | રોકાણોની તારીખ | પાકતી તારીખ | પાકતી તારીખે મળવાપાત્ર રકમ | વર્ષ દરમિયાન રોકાણોની પાકતી તારીખે નહી વટાવવા અંગેના કારણો | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| - | - | - | - | - | - | - | - |

ઓડિટર
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
For Tech 1-2 અમદાવાદ

સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
અમદાવાદ

==========================================================

પત્રક-૬

**ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૧૫-૧૬ ના ભવિષ્યનિધિના અહેવાલ મુજબ વાંધા હેઠળ/ વસૂલાત હેઠળની રકમનું વિગત દર્શાવતુ પત્રક**

==========================================================

| ક્રમ | ફકરા નં. | વસૂલાતપાત્ર રકમ | વાંધા હેઠળ રકમ | સરકારશ્રીમાં જમા કરાવવાપાત્ર રકમ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | - | ૨૧,૧૦,૦૯૭ | - | - |
| કુલ | | - | ૨૧,૧૦,૦૯૭ | - | - |

ઓડિટર
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
For Tech 1-2 અમદાવાદ

સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
અમદાવાદ